## કલમ : ૪(૧)(બી)(૪)

# પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો

**લાઈટ એન્ડ એનર્જી એફી.સેલ** ના કાર્યો બજાવવા માટે ખાતાએ નકકી કરેલા ધોરણો :

## (અ) નવા કામોના નિર્માણની પ્રક્રિયાઃ–

કાર્યપધ્ધતિઃ–

- ગાઈડ લાઈન અને સ્ટાન્ડર્ડ મુજબ શહેર વિવિધ વિસ્તારોમાં આવેલ રસ્તાઓ પર પહોળાઈ અને લંબાઈ મુજબ સ્ટ્રીટલાઈટ સીસ્ટમની ડીઝાઈન કરવી.
- સક્ષમ સત્તાની અંદાજ મંજુરી બાદ અમલીકરણની કાર્યવાહી કરવી.
- સરકારશ્રી/સક્ષમ સત્તાની જે તે સમયની જે તે યોજનાને અનુરૂપ આયોજન કરવું તેમજ જરૂર જણાયે કામગીરીનું આયોજન સ્વભંડોળમાંથી કરવું.
- સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની અંદાજ મજુંરી બાદ સ્થળ સ્થિતિને ધ્યાને લઈ પારદર્શક જાહેર ટેન્ડર પ્રક્રિયા કરવી.
- આવેલ ટેન્ડરોની સુરત મહાનગરપાલિકા મુજબ સ્ક્રુટીની કરી વિકાસના કામોની કમિટિ સમક્ષ રજુ કરવા.
- વિકાસના કામોની કમિટિની ભલામણ મુજબ ટેન્ડર મંજુરી માટે સક્ષમ સત્તાધીશ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર મંજુરી બાદ સંબંધિત ઈજારદારને વર્કઓર્ડર આપવો.
- સંબંધિત ઈજારદાર પાસે સીકયુરીટી ડિપોઝીટ ભરાવવી અને એગ્રીમેન્ટ કરવું.
- નિયત મંજુર ટેન્ડર  મુજબ અન્ય સંબંધિત કામગીરી કરાવવી.
- કામપૂર્ણ થયેથી વર્ક કંપલીશન સર્ટીફીકેટ ઈસ્યુ કરવું.
- કામપૂર્ણ થયેથી ફાઈનલ બીલ બનાવવાની કામગીરી.

### દેખરેખ અને જવાબદારીનું માધ્યમઃ–

- ઉપરોકત નિર્માણ પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ વાયરમેન/સુપરવાઈઝર અથવા મે.આસી(ઈલે.)ધ્વારા કરવામાં આવે છે.
- સ્થળ પર નિર્ણાયાત્મક કામગીરી આસી/જુની ઈજનેર–ડેપ્યુટી ઈજનેર–કાર્યપાલક ઈજનેર(લાઈટ એન્ડ એનર્જી એફી.સેલ)–એડી.સીટી ઈજનેર(ઈલે/ઈલે &મીકે) ધ્વારા કરાવવામાં આવે છે.

## (બ) મરામત અને નિભાવના કામોની નિર્માણ પ્રક્રિયાઃ–

કાર્યપધ્ધતિઃ–

- સમગ્ર શહેરમાં આવેલ તમામ સ્ટ્રીટલાઈટ સીસ્ટમની જુદા–જુદા ઝોનના સૂચનો મુજબ વાર્ષિક ધોરણે મરામત અને નિભાવના કામના પારદર્શક પધ્ધતિથી જાહેર ટેન્ડરો મંગાવી જે તે સક્ષમ સતાની મંજુરી મેળવી તેના અમલીકરણ માટે જે તે ઝોનને મોકલવામાં આવે છે.
- હયાત વીન્ડ પાવર પ્લાન્ટ, સોલાર પાવર પ્લાન્ટ વિ.ના વાષિક ધોરણે મરામત અને નિભાવના કામો.
- હયાત પબ્લિક ચાર્જીગ સ્ટેશનના વાર્ષિક ધોરણે મરામત અને નિભાવના કામો.

**દેખરેખ અને જવાબદારીનું માધ્યમઃ–**

- ઉપરોકત પ્રક્રિયાના તબકકાઓમાં નીચેની વિગતે જવાબદારી માધ્યમ નકકી થયેલ છે. સ્થળ પર કામગીરીની દેખરેખ વાયરમેન/સુપરવાઈઝર અથવા મે.આસી(ઈલે.)ધ્વારા કરવામાં આવે છે.
- સ્થળ પર નિર્ણાયાત્મક કામગીરી આસી/જુની ઈજનેર–ડેપ્યુટી ઈજનેર–કાર્યપાલક ઈજનેર(લાઈટ એન્ડ એનર્જી એફી.સેલ)–એડી.સીટી ઈજનેર(ઈલે. & મીકે.) ધ્વારા કરાવવામાં આવે છે.

**જાહેર માહિતી અધિકારી**
**અને**
**ડેપ્યુટી ઈજનેર(ઈલે.)**
**લાઈટ એન્ડ એનર્જી.એફી.સેલ**